# સાબરકાંઠામાં કોરોનાની સારવાર કરતા ડૉક્ટરોને બખ્ખા

## દર્દીઓના સગાઓ પાસેથી મનમાની ફી વસુલતા હોવાની ચર્ચા : સારવાર લેતા આવતા દર્દીઓને તબિબો સ્પર્શ પણ કરતા નથી : કોરોનાના વધેલા વ્યાપથી વધુ ત્રણ ખાનગી હોસ્પિટલોને સારવારની માન્યતા અપાશે

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં દિવાળીના તહેવારો બાદ કોરોના પોઝીટીવની સંખ્યા કુદકે અને ભુસકે વધી રહી છે. ત્યારે તા. ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધીમાં જિલ્લામાં કોરોના પોઝીટીવનો આંક ૧૫૦૦થી વધુ થઈ ગયો છે. જેથી અનેક લોકો સારવાર લેવા માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલ તથા અન્ય ખાનગી સરકાર માન્ય કોવિડ હોસ્પિટલોમાં સારવાર માટે દાખલ થઈ રહ્યા છે જ્યા અનેક ખાનગી તબિબો કોરોનાના દર્દીઓના સગાઓ પાસેથી મનમાની ફી વસુલીને ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. તેમ છતાં સંલગ્ન વિભાગ કોઈજ કાર્યવાહી કરતુ ન હોવાની ચર્ચા શરૂ થઈ છે.

સાબરકાંઠા જિલ્લામાં દિવાળીના તહેવારો બાદ કોરોના પોઝીટીવના કેસમાં જે ધરખમ વધારો જોવા મળી રહ્યો છે તેના લીધે હિંમતનગરની સિવિલ હોસ્પિટલ તથા અન્ય સરકાર માન્ય ખાનગી હોસ્પિટલોમાં પથારી ખાલી નથી તો બીજી તરફ કેટલાક તબિબો માટે કોરોના ખુબજ આશીર્વાદરૂપ પુરવાર થયો હોય તેમ લાગી રહ્યું છે. જિલ્લામાં સૌથી વધુ કેસ હિંમતનગર શહેર અને ગામડાઓમાં વધુ છે ત્યારે મોટાભાગના દર્દીઓ હિંમતનગર સિવિલમાં અને ખાનગી હોસ્પિટોલમાં સારવાર લેવા મજબુર બન્યા છે.

આ અંગે કોરોનાથી મુક્ત થયેલા એક દર્દીના જણાવાયા મુજબ હુ હિંમતનગરની એક સરકાર માન્ય ખાનગી હોસ્પિટલમાં દાખલ થયો હતો જ્યા દસેક દિવસથી સારવાર લીધી હતી જેમાં તબિબોએ મને કોઈ સ્પર્શ કર્યો હોય તેવુ મને યાદ નથી અને જે પણ સ્ટાફ સારવાર કરતો હતો તેમનું વર્તન અને સારવાર કરવાની પદ્ધતિ સંતોષકારક ન હતી. સાથોસાથ તબિબો દ્વારા વારંવાર લેબોરેટરી ટેસ્ટ કરાવવાની ફરજ પાડવામાં આવતી હતી અને કેટલીક મોંઘી દવાઓ પણ ખરીદવા માટે જણાવાતુ હતુ. સારવાર લઈ સ્વસ્થ થયા બાદ જ્યારે તબિબને બીલ ચુકવવાનો વખત આવે ત્યારે અધધ કહી શકાય તેટલી ફી લેવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો હતો.

હિંમતનગર શહેર ઉપરાંત તલોદ, પ્રાંતિજ, ઈડર અને ખેડબ્રહ્મા સહિત અન્ય સ્થળે લગભગ હિંમતનગર સિવિલ હોસ્પિટલને બાદ કરતા સાતથી વધુ હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જ્યા એક દિવસનું રૂમનું ભાડુ લગભગ આઠ હજારથી વધુનુ વસુલવામાં આવે છે. જેમાં તબિબો ગમે તેટલી ઓળખાણ લાવો તો પણ ઝાઝો ઘટાડો કરતા નથી જેથી એમ લાગે છે કે ખરેખર કોરોનાએ તબિબોને બખ્ખા કરાવી દીધા છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ સાબરકરાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવના કેસની સંખ્યામાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા હિંમતનગર સહિત જિલ્લામાં વધુ ત્રણ ખાનગી અને ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને કોવિડ હોસ્પિટલ તરીકે માન્યતા આપવાની આખરી ચર્ચા વિચારણા ચાલી રહી છે.

# જિલ્લામાં કોરોના પોઝીટીવના વધુ ૧૯ કેસ

## કુલ આંકડો ૧૫૫૨ થઈ ગયો, ૧૩૬૧ દર્દીઓ સાજા થયા

સાબરકાંઠા જિલ્લામાં તા. ૧ ડિસેમ્બરને મંગળવારે નવા ૧૯ કોરોના પોઝીટીવના કેસ નોંધાયા છે. ત્યારે જિલ્લામાં અત્યાર સુધીનો કુલ આંકડો ૧૫૫૨ થઈ ગયો છે અને આગામી દિવોસમાં પણ આમજ ચાલશે તો ડિસેમ્બર મહિનો પૂર્ણ થતા જિલ્લામાં કોરોના પોઝીટીવનો આંક બે હજારને પાર કરી જાય તો નવાઈ નહી.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ જિલ્લામાં જે નવા ૧૯ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર તાલુકામાં પાંચ કેસ છે. જે પૈકી હિંમતનગરના આંબાવાડી વિસ્તારમાં ૫૯ વર્ષીય પુરૂષ, એસટી ક્વાર્ટર્સમાં ૩૦ વર્ષિય પુરૂષ, જીએમઈઆરએસ હોસ્ટેલમાં ૩૫ વર્ષિય પુરૂષ, શાસ્ત્રીનગરમાં ૫૭ વર્ષીય પુરૂષ અને તાલુકાના કડોલી ગામમાં રહેતા ૩૦ વર્ષિય પુરૂષને કોરોના થયો છે.

તેજ પ્રમાણે ઈડર તાલુકાના બડોલી ગામમાં ૫૦ વર્ષિય મહિલા, ગોકલપુરા ગામમાં ૪૩ વર્ષીય પુરૂષ, સાકરીયા ગામમાં ૬૯ વર્ષિય મહિલા, દાવડમાં ૩૩ વર્ષિય પુરૂષ અને ઈડર તાલુકાના બોલુદ્રા ગામમાં ૨૮ વર્ષિય તથા વડાલી તાલુકાના ઉમિયાપુરા ગામમાં ૭૩ વર્ષિય પુરૂષ અને કુબાદરોલ ગામમાં ૭૦ વર્ષિય પુરૂષ કોરોનામાં સપડાયા છે.

તે ઉપરાંત વિજયનગર તાલુકાના નેલાવ ગામમાં ૩૦ વર્ષિય મહિલા, પ્રાંતિજ તાલુકાના દલપુર ગામમાં ૬૩ વર્ષિય પુરૂષ તથા સોનાસણ ગામના ૨૭ વર્ષિય પુરૂષની સાથોસાથ તલોદ તાલુકાના આંત્રોલી ગામમાં ૬૫ વર્ષિય પુરૂષ, સાગપુર ગામમાં ૪૫ વર્ષિય પુરૂષ, વલીયમપુરા ગામના ૭૦ વર્ષિય પુરૂષ અને તલોદ ગામમાં રહેતા ૩૪ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

### લાખ્ખોની લાંચ લેતા હોવાની બૂમો વચ્ચે અરવલ્લી

# ટાઉન પ્લાનીંગ અધિકારી કીરીટ રાવલને બે હજાર રૂપિયાની લાંચ કેસમાં દબોચતી એસીબી ટીમ

અરવલ્લી જિલ્લામાં સરકારી કચેરીઓમાં વહીવટદારો અને વહીવટ વગર કોઈ પણ ફાઈલ કે કાગળિયું આગળ વધતું નથી અને જિલ્લામાં ભ્રષ્ટાચારે માજા મૂકી છે. જીલ્લામાં સરકારી કચેરીઓમાં કેટલાક અધિકારીઓ



અને કર્મચારીઓ લાંબા સમયથી વચોટિયાની બોલબાલા વધી ગઈ છે, કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર આદરી રહ્યા છે. ત્યારે અરવલ્લી એસીબી પીઆઈ વણઝારા અને તેમની ટીમે જીલ્લા ટાઉન પ્લાનીંગ અધિકારી કિરીટ રાવલના વચોટિયા પ્રતીક જયસ્વાલ નકશા માટે બે હજાર રૂપિયાની લાંચ લેતા રંગે હાથે દબોચી ટાઉનપ્લાનિંગ અધિકારી કિરીટ રાવલે લાંચની રકમનું ફોન પર સ્વીકારતાની સાથે એસીબીની ટીમ જિલ્લા સેવાસદન કચેરીમાં આવેલ ટાઉન પ્લાનીંગ કચેરીમાં ત્રાટકી કિરીટ રાવલને દબોચી લીધો હતો. એસીબીની ટ્રેપથી કિરીટ રાવલના મોતિયા મરી ગયા હતા.

અરવલ્લી જીલ્લા ટાઉન પ્લાનિંગ કચેરી જીલ્લા ટાઉન પ્લાનિંગ અધિકારી તરીકે કિરીટ રાવલે ચાર્જ સાંભળતાની સાથે ભ્રષ્ટાચારથી ખદબદી ઉઠી હતી અને વચેટિયાઓથી ધમધમી ઉઠી હતી. જીલ્લામાં પ્લાન પાસ કરાવવા માટે બિલ્ડોરો પાસેથી ખુલ્લેઆમ લાખ્ખો રૂપિયાની લાંચ લેવામાં આવતી હોવાની બૂમો ઉઠી હતી. ત્યારે એક જાગૃત નાગરિક નકશો લેવા ટાઉન પ્લાનિંગ કચેરીમાં જતા નકશાની નકલ માટે બે હજાર રૂપિયાની લાંચ ટાઉન પ્લાનીંગ અધિકારી કીરીટ રાવલે માંગતા અને નકશાની નકલ માટે નકશા કાઢી આપવાનું કામકાજ કરતા વચોટિયા પ્રતીક જયસ્વાલનો સંપર્ક કરવાનું જણાવતા જાગૃત નાગરીક સમસમી ઉઠ્યો હતો અને લાંચિયા અધિકારી કિરીટ રાવલ અને તેના વચોટિયાને પાઠ ભણાવવા અરવલ્લી એસીબી અધિકારી વણઝારાનો સંપર્ક કરતા અરવલ્લી એસીબી ટીમે છટકું ગોઠવી વચોટિયાને જાગૃત નાગરિક પાસેથી ૨ હજાર રૂપિયા લેતો રંગે હાથે દબોચી લઈ લાંચની રકમ મળી ગઈ હોવાનું ટાઉન પ્લાનિંગ અધિકારી કિરીટ રાવલએ ફોન પર સ્વીકારતા તાબડતોડ એસીબી પીઆઈ વણઝારા અને તેમની ટીમે ટાઉન પ્લાનીંગ કચેરીમાં ત્રાટકી કિરીટ રાવલને દબોચી લઈ સફળ ટ્રેપ કરતા સરકારી કર્મચારીઓ માં ફફડાટ ફેલાયો હતો.

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં સરકારી કચેરીઓમાં ખુલ્લેઆમ ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ખુલ્લેઆમ અરજદારો અને પ્રજાજનો સરકારી કામકાજ માટે ખંખેરી રહ્યા છે. લાંચ ન આપનાર અરજદારનું કામકાજ ટલ્લે ચઢાવી લાંચ આપવા મજબુર બનાવતા હોવાનું જગજાહેર છે.

# બાયડમાં મા અંબાના મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

બાયડ, તા. ૨

જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ બાયડ દ્વારા સંચાલિત મનોદિવ્યાગ બિનવારસી બહેનોનો આશ્રમ ૩ વર્ષથી ભાડાની જગ્યા પર કાર્યરત છે. આશ્રમની માલિકીની નવીન જગ્યા પર માં જગદંબા જગત જનની અંબે માતાના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૮, ૨૯, ૩૦ નવેમ્બરના રોજ શાસ્ત્રોક્ત વિધિથી કોરોના કાળમા સરકારની ગાઈડ લાઈન પ્રમાણે સંપન થયો. મંદિરના બાંધકામથી પ્રતિષ્ઠા સુધીનો તમામ ખર્ચ બેંગ્લોરના દાતા દ્વારા આપવામાં આવ્યો છે, દાતાના સરાહનીય કાર્યથી આશ્રમની પ્રવૃત્તિને વેગ મળ્યો છે.

આશ્રમની દરેક પ્રવૃત્તિ સાથે હૃદયથી જોડાયેલ મોડાસાના સચિન મહારાજ (ભુદેવ રાજા) દ્વારા સ્વ દક્ષિણા લીધા વિના પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ કરવામા આવ્યો હતો.

ગાયત્રી દુધાલય પરિવાર



બાયડના દશરથભાઈએ લક્ષ્મીનારાયણ સ્વરૂપે યજમાનપદ શોભાવ્યું હતું.

મંદિરના દાતા દેવેન્દ્ર પટેલના કભી કભીમાં પ્રકાશિત આશ્રમના લેખથી પ્રભાવિત થઈ પ્રમુખ અશોકભાઈ જૈન સાથે ટેલિફોનિક સંપર્કમાં આવ્યા અને મંદિર બનાવવા માટે આગ્રહ કર્યો. એકપણ વખત બાયડ નથી જોયું તેવા ૯૨ વર્ષના દાદાએ તમામ ખર્ચ આપવાની જાહેરાત કરી. આશ્રમ માટે આ ઘટના અકલ્પનિય હતી.

મંદિર નિર્માણમાં ટ્રસ્ટી જબ્બરસિંહભાઈ રાજપુરોહિત અને વિનુભાઈ જે. પટેલે વિશેષ જવાબદારી નિભાવી હતી.

પ્રતિષ્ઠા મહોત્સવમાં ટ્રસ્ટના પ્રમુખ અશોકભાઈ જૈન, વિનુભાઈ જે. પટેલ, વિશાલભાઈ પટેલ, વિજયભાઈ પટેલ, મુકેશભાઈ લુહાર, તેજશભાઈ પટેલ, વાસુભાઈ રાજપુરોહિત, રતનભાઈ, દર્શનભાઈ પંચાલ, દીપકભાઈ વાડિયા, પ્રકાશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ તથા આશ્રમના સેવાસાથી સ્ટાફગણે હાજર રહી જવાબદારી નિભાવી હતી.

## ૨૫ નવેમ્બરથી ૧ ડિસેમ્બર સુધીમાં માસ્ક ન પહેરનાર લોકો પાસેથી સાબરકાંઠા પોલીસે ૧૬ લાખથી વધુ દંડ વસુલ્યો

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા જિલ્લા કલેક્ટર દ્વારા માસ્કના ફરજીયાત ઉપયોગ અને સામાજિક અંતર જાળવવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેના ભંગ બદલ સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જિલ્લા વહિવટીતંત્ર દ્વારા જનજાગૃતિ અભિયાન સહિતની કામગીરી કરવામાં આવી રહી હોવા છતાં શહેરમાં અને જિલ્લામાં કોવિડ-૧૯ના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે પોલીસ વિભાગ દ્વારા માસ્ક ન પહેરનાર લોકો સામે સખત વલણ દાખવી દંડ વસુલવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત જિલ્લાના ૮ તાલુકાઓમાંથી તા. ૨૫ નવેમ્બરથી તા. ૧ ડિસેમ્બર સુધીમાં એટલે કે એક અઠવાડિયામાં ૧૬૫૨ લોકો પાસેથી કુલ રૂ.૧૬,૫૨,૦૦૦ જેટલો દંડ વસુલ કરવામાં આવ્યો છે.



### ડીસા પાલિકા દ્વારા શાકભાજીના ફેરિયાઓને શપથ લેવડાવ્યા

વિશ્વ વ્યાપી કોરોના મહામારીના પગલે દિન પ્રતિદિન કેશોમાં વધારા સાથે મૃત્યુ દર પણ વધી રહ્યો છે. જેના પગલે સરકાર દ્વારા કોરોનાથી બચાવ માટે વિવિધ ગાઈડલાઈન પણ જારી કરવામાં આવી છે જેમાં સોશીયલ ડિસ્ટન્સ સાથે માસ્ક સહિતની બાબતોની તકેદારી રાખવાની અમલવારી કરવા માટે તાકીદ કરવામાં આવી છે. કોરોનાના વધતા જતા કેસોને લઈને ડીસામાં તંત્ર દ્વારા સરકારની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન થાય અને લોકો સાવચેતી રાખે તેના ભાગ રૂપે ડીસા નગર પાલિકા દ્વારા આજે લાયન્સ હોલ નજીક ઉભા રહેતા અને શાકભાજીનો વ્યવસાય કરતા તમામ ફેરિયાઓ સરકારની ગાઈડલાઈનનું પાલન કરે માસ્ક તેમજ સોશીયલ ડિસ્ટન્સ જાળવી ઉભા રહે તેવી વિવિધ સૂચનાઓનો અમલ થાય તે માટે ઉપસ્થિત અધિકારીઓ દ્વારા શાકભાજીનું છૂટક વેચાણ કરતા ૧૦૦ જેટલા ફેરિયાઓને સરકારની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

## ખેડબ્રહ્મામાંથી સગીરાનું અપહરણ થતા ફરિયાદ

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારના સુરતી કંપામાં માતા પિતા અને એક ૧૨ વર્ષીય દીકરી અને દીકરા સાથે ભાગમાં મજૂરી કરવા એક પરિવાર રહે છે. ગત ૨૭ નવેમ્બરના રોજ સાંજે આ પરિવાર જમી-પરવારીને સુવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે રાત્રિના આઠ વાગ્યાની આસપાસ પરિવારની ૧૨ વર્ષીય સગીર દીકરી ઘરે ન દેખાતા પિતાએ કંપામાં શોધખોળ કરતા તેની ભાળ મળી ન હતી. ખેડબ્રહ્મામા રહેતા તેમના મામાના ઘરે તપાસ કરી હતી પણ દીકરી ત્યાં પણ ન હતી પણ ત્યાથી જાણવા મળેલ કે કમ્પામાં જ તેમના નજીકમાં રહેતો શૈલેષભાઈ રામાભાઈ વસાવા થોડા દિવસ પહેલા સગીરાની જોડે ફરતો જોયેલો. જેથી દીકરીના પિતાએ શૈલેષ વસાવાના ઘરે તપાસ કરતા તે હાજર ન હતો અને તેની મોટરસાયકલ પણ ન હતી, જેથી શૈલેષના મોબાઈલ ઉપર ફોન કરતા ફોન બંધ આવતો હોય તેના મિત્રોમા પણ તપાસ કરવામાં આવી ત્યાં પણ શૈલેષ ન મળી આવતા દીકરીના વાલીએ શૈલેષના મૂળ વતન સુખનગર કાથરોટી, તા. વિજયનગર ખાતે તેના માસાના ઘરે જઈ શૈલેષ તેમની સગીર દીકરીને ભગાડી ગયો હોવાનું જણાવતાં તેઓ એકદમ ભડકી જઈ બોલાચાલી કરવા લાગેલા તેથી સગીરાના પિતા ત્યાંથી નીકળી જઈ તપાસ ચાલુ રાખી હતી પરંતુ બે દિવસ સુધી કોઈ ભાળ ન મળતાં છેવટે સગીરાના પિતાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં શૈલેષ રામાભાઈ વસાવા મૂળ રહે. સુખનગર કાથરોટી, વિજયનગર તેમની સગીર દીકરીને બદકામ કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી તેમના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.



### બાયડ જીજે૩૧ ગ્રુપ દ્વારા ૫૦ નંગ ગરમ ધાબળાનું વિતરણ

બાયડ જીજે ૩૧ ગ્રુપ બાયડ દ્વારા ઠંડીમાં ફૂટપાથ ઉપર સૂતા હોય આર્થિક રીતે સક્ષમ ન હોય એવા ગરીબ વ્યક્તિઓને સાઠંબા બાયડ તથા ધનસુરામાં ૫૦ નંગ ગરમ ધાબળા જરૂરિયાતમંદ વ્યક્તિઓને વિતરણ કરવામાં આવ્યા હતા.

# સાબરકાંઠામાં પશુઓની ઓળખ માટે ઈનફ ટેગીંગ કરાશે

## જિલ્લામાં કુલ પશુઓની સંખ્યા અંદાજે ૮૭ હજારથી વધુ : પશુપાલન વિભાગ દ્વારા રસીકરણ ઝુંબેશ શરૂ કરાઈ

હિંમતનગર, તા. ૨

જેવી રીતે માણસની ઓળખ માટે આધાર કાર્ડ જરૂરી હોય છે તેમ પશુઓની ઓળખ પણ અનિવાર્ય છે. ત્યારે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના સહયોગથી જિલ્લાના પશુ માલિકો પાસે કેટલા પશુઓ છે તેની જાણકારી માટે ઈનફ પદ્ધતિ અપનાવીને દરેક પશુઓને ટેગીંગ કરવાનું શરૂ કર્યુ છે. જેની કામગીરી ગામડાઓમાં શરૂ કરી દેવાઈ છે. પશુપાલન વિભાગના દાવા મુજબ જિલ્લામાં તમામ તાલુકાઓમાં મળી અંદાજે ૮૭ હજારથી વધુ પશુઓ છે.

આ અંગે નાયબ પશુપાલન નિયામક ડૉ. જે.બી. પટેલના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં અત્યારે રાષ્ટ્રીય પશુ રોગચાળા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત સઘન રસીકરણ ઝુંબેશ ચલાવાઈ રહી છે. સાથોસાથ કૃત્રિમ બીજદાન, ડી-વર્મીંગ માહિતી, અછત, પુર અતિવૃષ્ટી કે કોઈપણ ડીઝાસ્ટર અંતર્ગત પશુઓને નુકશાન થાય અથવા તો મૃત્યુ વખતે પશુપાલકને વળતર સહાય આપવાની રાજ્ય સરકારની અનેક યોજનાઓ કાર્યરત છે. ત્યારે પશુઓની ઓળખ ખુબજ જરૂરી છે.

જેથી પશુઓની ઓળખ કરવા માટે એનડીડીબીના સહયોગથી પશુઓની ઓળખ માટે ઈનફ પદ્ધતિ અપનાવાઈ રહી છે. જેના થકી સાબરકાંઠા જિલ્લામાં પશુઓની ગણતરી નહી પણ સમયાંતરે રસીકરણ અંગે પશુપાલન વિભાગ દ્વારા તેમના પશુ માલિકોને જાણ કરવામાં આવશે. જેથી એમ કહી શકાય કે માણસ માટે આધાર કાર્ડ જરૂરી છે ત્યારે પશુઓ માટે પણ ઈનફ (ટેગીંગ)ના નંબરથી પશુઓના સ્વાસ્થ્ય અંગે જાણકારી મળી શકશે અને તેને સોફ્ટવેર થકી પશુ ગણતરી અને નોંધણી કરાશે તેમાં માલિકનું નામ, ગામ, પશુની ઉંમર, પશુઓની સંખ્યા, જાતી તેમજ ભૂતકાળમાં થયેલી બિમારીની જાણકારી હશે. જિલ્લામાં અંદાજે ૮૭૭૬૮૮ પશુઓને ઈનફ ટેગીંગ કરીને નવી ઓળખ આપવાની નેમ રખાઈ છે.




### અરવલ્લી જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા પડતર પ્રશ્નો અંગે આવેદનપત્ર

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા જાહેર થયેલ આંદોલનાત્મક કાર્યક્રમ અન્વયે ૪૨૦૦ ગ્રેડ પે, HTATના RR અને ઓવરસેટપ તથા અન્ય પડતર પ્રશ્નો અંગે રજૂઆત રાજ્ય સરકાર સુધી પહોંચાડવા માટે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સાથે સાથે વ્યાયામ શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિકમાં સમાવવા અંગેની રજૂઆતનુ આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું. પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા આગામી ૮મી ડિસેમ્બરથી દરરોજ એક જિલ્લાના ૫૦ શિક્ષકો ઉપસ્થિત રહીને ગાંધીનગર ખાતે ધરણાં કરવાનું આયોજન છે એની પણ જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા અને તાલુકાના અધ્યક્ષ-મહામંત્રી અને હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમાં ડિવાઈડર કૂદી કાર બાઈકને ટકરાતાં ૩ના મોત

પાલનપુર, તા. ૨

પાલનપુર શહેરમાં એક બેફામ બનેલી કારની ટક્કરે ત્રણ યુવકોના મોત થયા હોવાનું સામે આવ્યુ છે. આબુરોડ તરફથી આવતી એક કારના ચાલકે અચાનક સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો હતો. બેફામ બનેલી કારે ડીવાઈડર કુદી સામેથી આવતી એક કાર અને બાઈકને ટક્કર મારતાં કારમાં સવાર ત્રણ લોકોના મોત થયા છે. બાદ સ્થાનિક પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતકોની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુર શહેરના સાંઈબાબા મંદિર પાસે અકસ્માતમાં ત્રણ યુવકોના મોત થયા છે. ગઈકાલે મંગળવારે સાંજના સમયે પાલનપુર-આબુ હાઈવે પર એક ફોરચ્યુનરના ચાલકે કાબૂ ગુમાવતાં કાર ડીવાઈડર કુદી સામે આવતી કાર અને બાઈક સાથે અથડાઈ હતી. આ દરમ્યાન સામેની કારમાં બેસેલાં ત્રણ નિર્દોષ પિતરાઈ ભાઈઓના ઘટના સ્થળે જ કરૂણ મોત થતાં અરેરાટી મચી ગઈ છે. આ સાથે અકસ્માતમાં બે લોકોને ઈજા પહોંચતાં તેમને પાલનપુરની સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ત્રણેય મૃતકો અમીરગઢ તાલુકાના મોટા કરજા ગામના પિતરાઈ ભાઈઓ હોવાનું જાણવા મળ્યું છે.

અમીરગઢ તાલુકાના મોટા કરજા ગામના ત્રણ આશાસ્પદ યુવકોના મોતથી પરિવારજનો સહિતના ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે. મૃતક યુવકો શહેરની જુદી-જુદી ગેરેજ સહિતના જગ્યા ઉપર કામ કરતાં હોઈ પરતી ફરતી વખતે અકસ્માત નડ્યો હોવાનું સામે આવ્યુ છે. ઘટના બાદ સમીન્દ્રસિંહ ચૌહાણે ફોરચ્યુનર ગાડીના ચાલક સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતકોના નામ : સજ્જનસિંહ મુકેશસિંહ ચૌહાણ (ઉ. વ. ૨૧), વિપિસિંહ ગણપતસિંહ ચૌહાણ (ઉ.વ.૨૨), હિતેન્દ્રસિંહ જામતસિંહ ચૌહાણ (ઉ.વ.૨૧) ત્રણેય રહે. કરજા, રામપુરા, અમીરગઢ, બનાસકાંઠા

## બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીનો ૫૦મો જન્મદિન જિલ્લામાં જળશક્તિ અભિયાન તરીકે ઉજવાશે

પાલનપુર, તા. ૨

તારીખ ૩-૧૨-૨૦૨૦ના રોજ બનાસડેરીના દીઘર્દ્રષ્ટા ચેરમેન શંકરભાઈ ચૌધરીના ૫૦મા જન્મદિવસે બનાસ ડેરી અને લોકભાગીદારીના સહકારથી આવનારી પેઢીના સુરક્ષિત ભવિષ્ય માટે બનાસકાંઠામાં જળ સંચયના મહાઅભિયાન એટલે બનાસ જળશક્તિ અભિયાનના થશે શ્રી ગણેશ.

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીનું સ્વપ્ન છે કે વરસાદનું વહી જતું પાણી આડબંધ, જળાશય બનાવીને જમીનમાં ઉતરે જેના થકી બનાસકાંઠાના ભૂગર્ભ જળ જળવાઈ રહે તેમજ ઊંચા આવે અને પાણીદાર બનાસ બને તે માટેના સહિયારા પુરૂષાર્થના શ્રી ગણેશ તારીખ ૩-૧૨-૨૦૨૦ના રોજ બૃહદ બનાસકાંઠાના ૧૬ તાલુકાએથી બનાસ ડેરી અને લોકભાગીદારીના સહકારથી બનાસ ડેરીના ડિરેક્ટરોના વરદ હસ્તે જિલ્લાના આગેવાનો ખેડૂતો અને પશુપાલકોની ઉપસ્થિતિમા કરવામાં આવશે.